# ગ્રાહકફરિયાદનિવારણફોરમ, જુનાગઢ

પશ્ચિમગુજરાતવીજકંપનીલીમીટેડ
સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧
ફોનનં. : ૦૨૮૫ –૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : www.pgvcl.com
CIN:U40102GJ2003SGC042908

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૨૬/ક્વા-૦૨/૨૦૨૨-૨૩ / 688 તા. 21 SEP 2022

રજી.એડી./સ્પીડ પોસ્ટ/કુરિયર મારફત

પ્રતિ,
માયાભાઈ દેવાભાઈ કોડીયાતર
મું. જોનપુર,
તા.કેશોદ
જી. :જુનાગઢ, પીનકોડ : ૩૬૨૨૨૨ મોબાઈલ : ૯૭૨૩૩૯૦૭૪૫

વિષય : વીજબીલના વપરાશમાં સુધારો કરવા બાબત.

સંદર્ભ : માયાભાઈ દેવાભાઈ કોડીયાતર ની રજુઆત તારીખ: ૨૦.૦૭.૨૦૨૨

(અત્રેનાફોરમનીનોંધણીનંબર : ૦૨૬/ક્વા-૦૨/૨૦૨૨-૨૩)

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

(ડી.એસ.રાજપાલ)
કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., જુનાગઢ

બિડાણ : ઉપર મુજબ.
નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, પોરબંદર

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, કેશોદ

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, કેશોદ રૂરલ - ૨

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : forumjunagadh.pgvcl@gebmail.com

CIN:U40102GJ2003SGC042908


પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૬/ક્વા-૦૨/૨૦૨૨-૨૩/ 486 તા.21 SEP 2022

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૨૬/ક્વા-૦૨/૨૦૨૨-૨૩**

અરજદાર: શ્રી માયાભાઈ દેવાભાઈ કોડીયાતર, ગામ – જોનપુર

સબડીવીઝન: કેશોદ રૂરલ – ૨

:: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી કેશોદ

:: કોરમ ::

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી એન.સી.મકવાણા |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જુનાગઢ

તારીખ: સોમવાર (૨૨-૦૮-૨૦૨૨)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૨-૦૮-૨૦૨૨ (સોમવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા અરજદાર શ્રી ના પ્રતિનિધી તરીકે (પુત્ર) શ્રી દાનાભાઈ માયાભાઈ કોડિયાતર હાજર રહેલ હતા.

**:: અરજદારની રજૂઆત ::**

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, જય ભારત સાથ જણાવવાનું કે, કેશોદ તાલુકાનાં જોનપુર ગામે હું લાઇટીંગ વીજ કનેક્શન ધરાવું છું જેના ગ્રાહક નં. ૮૪૨૧૯/૦૦૨૦૭/3 RL છે. મને ફેબ્રુઆરી માર્ચનું વીજ બીલ રૂ. ૨૬૬૮૮/- અને તેનાં રીડીંગ ૩૬૦૮ થાય છે. મારૂ વીજ મીટર ફાસ્ટ હોવાની અરજી તા.૦૪/૦૫/૨૦૨૨ નાં રોજ રજુ કરેલ હતી. તો તેમાં મને મારું વીજ મીટર લેબ કરતાં લેબ રીપોર્ટ જ ગણાયેલ હોય, તો મારા એક સાથે રીડીંગ જો મીટર ઓકે હોય તો મારા એક સાથે આટલા

બધાં રીડીંગ કયાંથી આવેલા હોય અને નવેમ્બર જાન્યુઆરી નું બીલ ૧૬૩ રીડીંગ અને બીલ રૂ.૧૦૫૧ આપેલ છે. નવા વીજ મીટરનું બીલ ૧૬૦૬ રીડીંગ ૨૫૭ યુનીટનો વપરાશ છે. આમ મારા વીજ મીટરના રીપોર્ટમાં મને અસંતોષ હોય તો મને બીજી જગ્યાએ ફરીથી MRI રીપોર્ટ કરાવી આપવા વિનંતી. મારૂ હાલનું વીજ વપરાશનું બીલ વાંધા સાથે લેવા આપ સાહેબશ્રી નમ્ર વિનંતી. આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

:: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 ફરિયાદી અરજદાર શ્રી માયાભાઇ દેવાભાઈ કોડીયાતર ગામ જોનપુર ની તા.૨૦.૦૭.૨૦૨૨ ની ફરિયાદી અરજીના અનુસંધાને અમારી કેશોદ (ગ્રામ્ય-૨) પેટા વિભાગીય કચેરીને અત્રેની કચેરી દ્વારા કેડી/ રેવ / કેશોદ (ગ્રામ્ય-૨)/૦૨૬/કવા-૦૨/૨૦૨૨-૨૩/માયાભાઇ દેવાભાઈ કોડીયાતર/૪૨૦૨ તા તા.૦૪.૦૮.૨૦૨૨ નાં પત્ર થી ફરિયાદ બાબતે તલસ્પર્શી ચકાસણી કરી નિયમોનુસાર કાર્યવાહી કરી ઉપરોક્ત ફરિયાદ અરજીનો સંતોષકારક ઉકેલ લાવવા અથવા આનુસંગિક પુરાવાઓ અને દસ્તાવેજો સાથે વિગતવાર અહેવાલ પાઠવવા જણાવેલ,જેનાં અનુસંધાને કેએસડી/આર-૨/૨૫૫૮ તા.૧૨.૦૮.૨૦૨૨ નાં પત્ર થી નાયબ ઈજનેર કેશોદ (ગ્રામ્ય-૨),પેટા વિભાગીય કચેરી દ્વારા જરૂરી દસ્તાવેજો અને દસ્તાવેજી પુરાવા સાથે વિગતવાર અહેવાલનો પત્ર અત્રેની કચેરીને પાઠવેલ છે.જે તમામ દસ્તાવેજોની નકલ આપશ્રી ની જરૂરી જાણકારી અર્થે આ સાથે સામેલ છે.

3.૧ તેમના જણાવ્યા અનુસાર ઉપરોક્ત ગ્રાહક નાં ૮૪૨૧૯૦૦૨૦૭૩ નંબર વાળા સિંગલ ફેઝ નાં ૦.૫ કી.વો.વીજભાર વાળા ઘર વપરાશ નાં વીજ કનેક્શનમાં મીટર રીડર દ્વારા ફેબ્રુઆરી-માર્ચ બિલ્ડ ઇન એપ્રિલ-૨૦૨૨ નું તારીખ ૧૮.૦૪.૨૦૨૨ નાં રોજ બીલ બનાવતા તેઓને વપરાશ મુજબ યુનીટ ૧૨૮૫૭-૯૨૪૯= ૩૬૦૮ યુનિટનું રૂ.૨૬૬૩૬.૯૧ નું બીલ ગ્રાહકને આપવામાં આવેલ.ત્યાર બાદ ગ્રાહક શ્રી માયાભાઇ દેવાભાઈ કોડીયાતર દ્વારા સ્થાનિક ઓફિસે તારીખ ૧૯.૦૪.૨૦૨૨ નાં રોજ ફાસ્ટ મીટર ની અરજી કરતા સદર મીટર કેશોદ (ગ્રામ્ય-૨) પેટાવિભાગીય કચેરી દ્વારા રોજકામ નંબર ૧૬૪૪ તારીખ ૦૪.૦૫.૨૦૨૨ થી બદલાવેલ.આ મીટર તા.૧૯.૦૫.૨૦૨૨ નાં રોજ નિયમોનુસાર ગ્રાહક ની હાજરીમાં કેશોદ લેબોરેટરીમાં ટેસ્ટ કરતા મીટર બરાબર માલુમ પડેલ તેમાં કોઈ ક્ષતિ માલુમ પડેલ નથી.ત્યાર બાદ ગ્રાહકની ફાસ્ટ મીટર બાબતની અરજી હોઈ આ મીટરનો MRI પણ કાઢવામાં આવેલ આ MRI રીપોર્ટ મુજબ પણ મીટર બરાબર જણાયેલ છે.જે MRI રીપોર્ટ પણ આ સાથે સામેલ છે.

:: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ અરજદાર શ્રી ની રજૂઆત મુજબ લેબોરેટરી ચકાસણી રીપોર્ટ માં મીટર યોગ્ય બતાવે છે. અને આર.ટી.સી. ફેઈલ છે. જુનું મીટર હોવાથી એમ.આર.આઈ. રીપોર્ટ થઈ શકે તેમ નથી.વારંવાર એક સમાન રીડિંગ આવતા હોવાથી મીટર ફોલ્ટી હોવાનું માલુમ પડે છે.

૪.૨ એમ.ડી. ચેક કરતાં લોડ જીરો જીરો આવેલ છે. જેથી તેના પરથી ફલિત થાય છે કે, મીટર ફોલ્ટી જણાય છે, આવા સંજોગો માં અરજદાર શ્રી ને સરેરાશ મુજબ બિલ રીવાઈઝ કરી આપવું તથા જેની રકમ નિયત સમય માં ભરપાઈ થયે થી વિલંબિત ચુકવણી ચાર્જ ની રકમ અરજદાર પાસે થી વસુલ કરવી નહીં.

૪.૩ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૨ મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.૪ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

શ્રી એન.એસ.પંડયા
સ્વતંત્ર સભ્ય

શ્રી એન.સી.મકવાણા
ચેરપર્સન

નોંધ:-

(૧) અરજદાર સદર હુકમ થી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખ થી દિન-30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલશ્રી નું સરનામું : વિદ્યુત લોકપાલની કચેરી, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનક રોડ, ત્રિકોણ બાગ, રાજકોટ-૩૬૦૦૦૧